અપીલ અરજી નં.૧૯૩ તા.૨૯–૯–૦૮

અરજદારઃ શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈ
સામાવાળાઃ (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન
(૨)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈની તા. ૨૯–૮–૦૮ અરજી થી નાનાવરાછા ગામ (ગામતળ) ખાતે આવેલા સિધ્ધિવિનાયક એપાર્ટમેન્ટની પશ્ચિમે આવેલા રોડમાં ડામરનું કારપેટીંગ એની નીચેની પાણીની તેમજ ડ્રેનેજની લાઈનો વગેરેનું કામ કયા રેકર્ડના આધારે કરવામાં આવ્યું છે તેની વિગતવાર માહિતી પ્રમાણીત નકલો સાથે આપવી. અન્યની માલિકીની જગ્યામાંથી ડ્રેનેજ કે પાણીની લાઈનો પસાર કરી શકાય ખરી? તેમજ ડામરના કારપેટ વાળો રોડ બનાવી શકાય ખરો ? તે વિશે વિગતવાર માહિતી આપવી તેમજ પ્રમાણીત કરીને આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૩/૨૦૦૮–૦૯

શ્રી પટેલ વશરામભાઈ રામજીભાઈની તા. ૨૯–૮–૦૮ અરજી થી નાનાવરાછા ગામ (ગામતળ) ખાતે આવેલા સિધ્ધિવિનાયક એપાર્ટમેન્ટની પશ્ચિમે આવેલા રોડમાં ડામરનું કારપેટીંગ એની નીચેની પાણીની તેમજ ડ્રેનેજની લાઈનો વગેરેનું કામ કયા રેકર્ડના આધારે કરવામાં આવ્યું છે તેની વિગતવાર માહિતી પ્રમાણીત નકલો સાથે આપવી. અન્યની માલિકીની જગ્યામાંથી ડ્રેનેજ કે પાણીની લાઈનો પસાર કરી શકાય ખરી? તેમજ ડામરના કારપેટ વાળો રોડ બનાવી શકાય ખરો ? તે વિશે વિગતવાર માહિતી આપવી તેમજ પ્રમાણીત કરીને આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી પુરી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૨ તા.૧૦–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી.

અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૦૨ તા.૨૨–૯–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવામાં આવેલ છે. જયારે આંશિક માહિતી માટે વરાછાઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૨ તા.૧૮–૯–૦૮ થી હાઈડ્રોલીક ઈજનેરને તબદીલ કરવામાં આવેલ છે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી મળેલ માહિતીથી અરજદાર નારાજ થઈ માંગ્યા પ્રમાણેની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેમજ નમુના 'ઘ' માં માહિતી પૂરી પાડવામાં આવેલ નથી અને માહિતી અધિનિયમની જોગવાઈઓ ૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતીની માંગણી કરેલ છે.

અરજદારે નિશ્ચિત વિસ્તારમાં રોડ, પાણી તેમજ ડ્રેનેજ લાઈનનું કામ કયા રેકર્ડને આધારે કરેલ છે તેની માહિતી માંગેલ છે. મહાનગરપાલિકા ધ્વારા ઉપરોકત કામગીરીની આયોજન અને અમલીકરણ સમયે આ બાબતના ઉપલક્ષ્યમાં જે નિર્ણય લેવાયેલ હોય તે સબંધિત દફતરે વિગત નોંધાવેલ હોય અને તે જ વિગતો અરજદારે માંગેલ છે તે સામે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ધ્વારા "વર્ષોથી નાગરિકો અવર જવર કરતાં હોવાનું તેમજ કાળક્રમે વર્તમાન સ્થિતિમાં હોવાની માહિતી આપેલ છે." તથા આંશિક માટે કલમ–૬(૩) થી ઠરાવેલ દિન–૫ ની સમયમર્યાદા બાદ વિલંબથી અરજી હાઈડ્રોલીકને તબદીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી હકીકતલક્ષી માહિતી તથા એડીશનલ સીટી ઈજનેર તથા જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની નિયમ અને જોગવાઈ મુજબ કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન,તથા એડીશનલ સીટી ઈજનેર (હાઈડ્રોલીક) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી વશરામ રામજીભાઈ પટેલ